શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૬
અંક : ૬

## થયું વેકેશન પુરૂ આજે

થયું વેકેશન પુરૂ આજે
ખુલી ગઈ નિશાળો
ઉનાળાનું આકાશ ઓકતું,
ઉની અગન ઝાળો
સુકાય ગયા નદી–ઝરણાં,
ને ખાલી પડયા કુવાઓ
વરસી મૂશળધારે આજે
ખળ ખળ નાદ પ્રગટાઓ
સુકી ધરતી, સુકા ખેતર
સુકા બાગ–બગીચાઓ
અમૃત ધારે વરસી આજે
નવ ચેતત પ્રગટાવો
પશુ–પંખી સૌ તમને ઝંખે
પાણી માટે જયાં ત્યાં ભટકે
જળ વિના તરસ મરતાં
પશુ પંખી પર દયા કરવા
ઝરમર ધારે ભૂલકાંને
ભીંજવવા મેઘરાજા પધારો.
ભીંજવવા ભૂલકાને આજે
સૌ જીવો પર દયા દાખવી
મેઘરાજા પધારો.

**સાભારઃ ભીતર કેરો ભાવ**

**Feedback**

I see tapak article....many information grass root level include...and good one use to e-technology for sending me...??

**- Vijay Vagadia, Engineer, Surat**

Wow tapak on social media. Enjoyed reading it.

**- Dinesh Songara, Jaypur**

Thanks for sharing news.

The article on Jaivik Kheti is really nice.

- **Jaynish Somaiya Dy Manager,**
**Essar Bulk Terminal Ltd.**

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**– ટપક ટીમ**

***હું કદી શીખવતો નથી, હું તો એવા સંજોગો પેદા કરૂ છું જેમાં વિદ્યાર્થી શીખે છે.***

## કોસ્ટલ એરીયા ડેવલપમેન્ટ પ્રોજેક્ટ

ઉના તાલુકાના નાના સમઢીયાળા મુકામે ૧૭ બહેનો સાથે પીવાના પાણી તથા સ્વચ્છતાના મુદા પર બેઠક યોજવામાં આવી જેમાં દરેક ઘરે શૌચાલય તેમજ ગ્રામ સફાઈ અને સ્વચ્છ પીવાના પાણીના અધિકાર પર ચર્ચા કરવામાં આવી હતી. આ જ ગામે વડલા વિસ્તારમાં ૩૦ લોકો સાથે ફળિયામિટિંગ કરી જેમાં સેનીટેશન અંગે માહિતીની આપલે થઈ. ત્યાર બાદ ગ્રામસભા યોજવામાં આવી. જેમાં ગામલોકોના પીવાના પાણીના વિતરણ, સ્વચ્છતાના કાર્ય, ગામમાં સાફસફાઈ રહે તે માટે ગંદા પાણીના યોગ્ય નિકાલના પ્રયત્નો, જાહેર નળને જોડતી પાઈપલાઈન, વાલ્વ, નળ, અવેડો, સ્નાન ઘાટ અને સ્ટેન્ડ પોસ્ટ વગેરે જેવી સુવિધાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી કે જેમાની જે સવલતો નથી તે ઉભી કરવા ગામ લોકોએ વાત કરી, કોસ્ટલ એરીયા ડેવલપમેન્ટ પ્રોજેક્ટની ટીમના સભ્યોએ યોજનાની માહિતી આપી હતી.

સોંદરડી ગામે ૨૯ બહેનો અને સામતેર મુકામે ૧૫ બહેનો સાથે ફળિયામિંટિંગ કરી. જેમાં જળ અને સ્વચ્છતા તેમજ આરોગ્ય વિશે વાત કરી કે બહેનોને પીવાનુને વાપરવાનું પાણી બહાર લેવા જવુ પડે છે. તે પ્રશ્નોના હલ માટે સરકાર ૯૦% સહકાર આપવા માટે તૈયાર છે તો જો ૧૦% ગામ લોકો તેનો ફાળો આપે તો પાણી બધાના ઘરે મળે. આ ઉપરાંત દરેક ઘરે શૌચાલય હોય તો સ્વચ્છતાને લીધે આરોગ્ય પણ જળવાય રહે અને બહેનોની સલામતી પણ રહે.

કોડીનાર તાલુકાના ચૌહાણની ખાણ ગામે આ પ્રકારની યોજના કાર્યરત બની છે. ગામની પાણી સમિતીના સભ્યો સરસ સંચાલન કરી રહયા છે તે બાબતે પ્રોજેક્ટની ટીમે માહિતી મેળવ્યા બાદ મે મહિનામાં સામતેર, યાજપુર, નાળીયેરી મોલી, કંસારીના પાણી સમિતિના સભ્યોનો ચૌહાણની ખાણ યોજનાનો પ્રેરણા પ્રવાસ થયો. ગામના ૨૪૦ પરિવારોએ ઘરદીઠ ૧૦૦૦ લોકફાળો પાણી સમિતીમાં જમાં કરાવ્યો અને યોજના કાર્યરત થઈ. જેમાં સ્ટેન્ડ પોસ્ટ, ઘોડી સિસ્ટમ, બોર, પંપ, ટાંકી વગેરેની વ્યવસ્થા થતા દરરોજની ૩૦ મિનિટ દરેક ઘરને એક સરખુ પાણી મળી શકે છે.

અવારનવાર ગ્રામ સભા યોજી ગામ લોકો સાથે સંવાદ રચવાથી આ યોજનામાં લોકો સામેલ થયા છે તેમ ચૌહાણની ખાણ પાણી સમિતીના સભ્યોએ જણાવ્યુ હતુ. તેમજ ઘોડી સિસ્ટમના ફાયદા બાબતે અને યોજનામાં સમ્પ સમાવેશ હોય, વીજળીની સુવિધા હોય એટલે જ તો ઉંચી ટાંકીની હવે જરૂર રહેતી નથી. તેમ જણાવ્યુ હતુ.

જુન માસ દરમ્યાન પાતાપુર, આમોદ્રા, સોંદરડી પાણી સમિતીના સભ્યોએ પણ આ પ્રકારે યોજના અને પાણી સમિતીના સંચાલનની પ્રત્યક્ષ મુલાકાત કરી હતી.

***ધ્યાન ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની આંખ છે.***

## લેપ્રેસી સંઘ

ભાવનગર તથા જુનાગઢના રકતપિત ગ્રસ્ત લોકોની બીજી પેઢી (કે જેને આ રોગની અસર નથી) સાથે છેલ્લા દોઢેક વર્ષથી સંસ્થાના કાર્યકરો તેમની આજીવિકા સંદર્ભે સંવાદ કરી રહયા હતા. જેના આધારે એક ફીઝીબીલીટી અહેવાલ તૈયાર કર્યો હતો.

ભાવનગરની કોલોનીમાં વસવાટ કરતા પરિવારો પૈકી ૫ બહેનો સીવણ કામ કરતી હતી તેમની સ્કીલ અપડેટેશન તાલીમ શિશુ વિહાર સંસ્થામાં છેલ્લા ત્રણ માસથી ચાલી રહી છે. દરમ્યાન તેઓ પોતાના અગાઉ ચાલતા કામમાં પણ વેગ લાવી શકયા અને તેઓએ નવા સીવણ મશીનો તથા સીવણ તાલીમ આપી શકાય તેવા સાધનો ખરીદી કોલોનીમાં સીવણ તાલીમો શરુ કરી. શિશુ વિહાર દ્વારા થેલીઓ સીવવાનું કામ મળ્યુ. થેલી દીઠ રૂા. ૫ મળવા શરુ થયા અને તાલીમ વર્ગની ફીની આવક પણ શરુ થઈ

જુનાગઢ કોલોનીમાં ૫ યુવાનો મંડપ સર્વીસમાં છુટક મજુરીએ જતા હતા તેમણે પોતાની મંડપ સર્વીસ શરુ કરવા નકકી કર્યુ. સંસ્થાના કાર્યકરોના શૈક્ષણિક સહયોગ તથા સાસાકાવા ફાઉન્ડેશનના આર્થિક સહયોગથી મંડપ સર્વીસના સાધનો ખરીદ કરવામાં આવ્યા છે. મંડપ સર્વીસનો સામાન રાખવા એક ગોડાઉન બનાવવામાં આવેલ છે.

## અહંકાર

બે મિત્રો હતા. તેમની વચ્ચે અતૂટ મૈત્રી, પરંતુ બાળપણમાં કંઈક બાબતે મતભેદ થવાથી બંનેએ એકબીજા સાથે બોલવાનું બંધ કર્યુ. આ વાતને પાંત્રીસથી પણ વધારે વર્ષ વીતી ગયા. આ દરમિયાન એક મિત્રને ગંભીર બીમારી લાગુ પડી. ધીરે ધીરે રોગ વધતો ગયો અને ડોકટરે પણ પોતાના હાથ અધ્ધર કરી દીધા એ હોસ્પિટલના પલંગમાં પડયો પડયો ભૂતકાળ વિશે વિચારતો રહેતો. મિત્ર સાથે સાવ સામાન્ય બાબતે થયેલા મનદુઃખ અને અબોલાની વાત અંદરખાને સાલ્યા કરતી. લાગ્યું કે મન પર આ વાતનો ભાર લઈને મરવું યોગ્ય નથી. પોતાના એ મિત્ર સાથે સુલેહ કરી લેવાનું વિચાર્યુ. એનો સંદેશો મળતા મિત્ર પણ મળવા આવ્યો. બીમાર મિત્રે એની માફી માગી, બીજા મિત્રે પણ દુઃખ વ્યકત કરવા સાથે ભુતકાળની બધી વાત ભુલી જવાની ખાતરી આપી. બંને મિત્રોએ ખૂબ વાતો કરી. પછી સમય આવ્યો છુટા પડવાનો. બીજો મિત્ર જવા લાગ્યો, ત્યારે બીમાર મિત્રે ખાટલામાં પડયા પડયા જ કહયું.' પણ એક વાત યાદ રાખજે. જો મારુ મૃત્યુ ન થવાનું હોત, તો મે જિંદગીભર માફી ન માંગી હોત....' કહેવાનો અર્થ એ કે આપણે મન પર કોઈ વાતનો ભાર લઈને મરવા નથી ઈચ્છતા, પણ જિંદગી તો એવી રીતે જ વીતાવવાની શા માટે, ભલા ?

***બધુ જ પરીવર્તનશીલ છે, કશુ પણ સ્થિર રહેતું નથી,***

## સ્ટાફ તાલીમ અને ટીમ મીટીંગ

સંસ્થાની ટીમમાં તથા કાર્યમાં થતા ફેરફારને ધ્યાનમાં લઈ મીટીંગના એજન્ડા તૈયાર કરી તેની કાર્યવાહી નોંધ લખવા સુધીની કામગીરી સરળતાથી લક્ષિત સમૂહમાં રચાયેલ સંગઠનોના પદાધિકારીઓને સમજાવી શકાય તે માટે તા. ૨૮ જુન ૧૪ ના રોજ એક દિવસની તાલીમ યોજવામાં આવી. જેમાં સંગઠનની રચના, તેની પ્રથમ મીટીંગનો એજન્ડા તથા આ સંગઠનની કામગીરીને લઈને બનાવવાના થતા નિતીનિયમો અંગે સમજ બનાવવામાં આવી. આ સંગઠનો જે કાર્ય માટે રચાયેલ છે તે તથા તેણે બનાવેલ નિયમોના આધારે આગળ કરવાના કાર્યોને ધ્યાનમાં રાખી



ત્યાર પછીની મીટીંગો અને તેના એજન્ડા તૈયાર કરવા તથા મીટીંગનુ સંચાલન, કાર્યવાહી નોંધ અને અમલવારીના મુદાઓ સમજી તેને સંગઠનોના મંત્રી/પ્રમુખશ્રીઓ સાથે રહી સુવ્યવસ્થિત કાર્યવાહી હાથ ધરીએ તો સંગઠનો નિરંતર રહી શકશે તવી સમજ સાથે તાલીમ પુર્ણ કરવામાં આવી.

તાલીમ બાદ કામગીરીની માસિક સમિક્ષા માટે ટીમ મીટીંગ યોજાઈ. જેમાં વર્ષ ૨૦૧૪–૧૫ના આયોજન અનુસાર પ્રથમ ત્રિમાસિક ગાળામાં કરવાના થતા કાર્યોની ચર્ચાકરી. દરેક કાર્યક્રમોની નિયત થયેલ કામગીરી અનુસાર જ ટીમ ચાલી રહી હોવાનુ જાણવા મળ્યુ. કાર્યકરોને ક્ષેત્રિય કે ઓફીસ કાર્યમાં પડતી મુશ્કેલીઓના ઉકેલ પર ચર્ચા કરી જરૂરી નિર્ણયો કરવામાં આવ્યા હતા.

**તમારી વાણી એ તમારા વિચારોને પડઘો છે.**

## વાર્ષિક મિલન

તા. ૨૯ જુન ૧૪ ના રોજ સંસ્થાનું ૩૫મું વાર્ષિક અધિવેશન યોજાયુ. સંસ્થાની ટીમ દ્વારા તૈયાર કરાયેલ વર્ષ ૨૦૧૩–૧૪ ની કામગીરી સંસ્થાના ડાયરેકટરશ્રીએ રજુ કરી. તેના પર ઉપસ્થિત સર્વોએ ચર્ચામાં ભાગ લીધો હતો. શ્રી બિપીનભાઈ જોષીએ સંસ્થાના કાર્યોમાં પોતે સાક્ષી રહયા હોય તે બાબતોનુ વિવરણ કર્યુ હતુ. પોલીસ અધિકારીશ્રી મીનાબા ઝાલાએ પોતાના હસ્તકના જે કાર્યો છે તેમાં જયાં સમુદાયની સાથે કામ કરવાનુ છે ત્યાં આ પ્રકારના સ્વૈ. સંગઠનો સહયોગ કરે તે જરૂરી હોવાનુ જણાવ્યુ હતુ. બગસરાના સામાજીક કાર્યકર શ્રી દેવચંદભાઈ સાવલીયાએ ઘણાં લાંબા સમય



સુધી સામાજીક ક્ષેત્રમાં સક્રિય ભૂમિકા કરવા બદલ એસએસકેકેની પુરી ટીમની સરાહના કરી હતી. સંસ્થાના પ્રમુખશ્રી હાર્દિકભાઈ વાગડીયા તથા સીનીયર કાર્યકરશ્રી સુરેશભાઈ ગોહિલએ કાર્યક્રમની વ્યવસ્થા ગોઠવી હતી સંસ્થાના ઉપાધ્યક્ષ પ્રો. જે. એમ. તળાવીયા તથા સંસ્થાના ભુતપુર્વ કાર્યકરશ્રી વિપુલભાઈ શેલડીયાએ સંસ્થાના કાર્યોની સમિક્ષા માટે સંવાદ રચી ઉપસ્થિતો પૈકી મોટા ભાગના (લક્ષિત સમુહ અને સંસ્થાના કાર્યકરો)ને ચર્ચામાં સામેલ કર્યા. વાર્ષિક મિલનનો આ કાર્યક્રમ અને ઉપસ્થિતોના ઉદબોધન સંસ્થાની યોગ્ય દિશા હોવાનું પ્રતિપાદિત કરતા હતા. અમુક સાથીઓ સૂચનો કર્યા છે તેના પર અમલની ખાત્રી સાથે કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

***જીવનની પરિસ્થિતીનો સામનો કરવાની યોગ્યતાનુ નામ શિક્ષણ છે.***

## સંકલ્પનું સુકાન

૧૬–૧૭ વર્ષનો એક યુવાન હિપેટાઈટીસ બીનો ભોગ બન્યો. બેન્કમાં સારી પોસ્ટ પર નોકરી કરતા એના પિતા પોતાના આ લાડકવાયા દીકરાની સારવાર માટેના તમામ પ્રયાસો કરી રહયા હતા. એક સમય એવો આવ્યો કે યુવાન દીકરાને એના પિતા પોતાની બાંહોમાં ઉપાડીને ડોકટર પાસે લાવ્યા. આ છોકરાને તપાસ્યા બાદ ડોકટરો અંગ્રેજીમાં અંદરોઅંદર વાત કરી રહયા હતા.

છોકરો આ વાત સાંભળે એ પહેલા જ એના પિતાએ ડોકટરને વાત કરતા અટકાવ્યા. છોકરો પણ હોશિયાર હતો અને અંગ્રેજી સારું જાણતો હતો એટલે ડોકટરોની વાત સાંભળીને એની આંખમાં આંસુ આવી ગયા. બાપને સમજતા વાર ન લાગી કે દીકરાને પણ સમજાઈ ગયુ છે કે એ હવે લાંબુ જીવી શકે તેમ નથી અને માત્ર થોડા દિવસનો જ મહેમાન છે. બાપે દીકરાને એટલું કહયું, "બેટા, તારી મમ્મીને આ વાતની ખબર ન પડવા દેતો" છોકરાએ એના પપ્પાને હિંમત આપતા એટલું જ કહયું, "પપ્પા, ચિંતા ના કરશો. મમ્મીને આ બાબતે કંઈ જ ખબર નહિ પડે."

છોકરાને હોસ્પિટલથી ઘેર લાવ્યા. આ પરિવાર સાથે અંગત સંબંધ ધરાવતા એક ડોકટરને આ બાબતની ખબર પડી એટલે એ ડોકટર છોકરાને રૂબરૂ મળવા આવ્યા. છોકરાના રૂમમાં ગયા. બીજા સભ્યોને રૂમની બહાર મોકલી દીધા. છોકરાનો હાથ પોતાના હાથમાં લઈને પુછયું, "બેટા,જીવવું છે?"

છોકરાએ આંખમાં આંસુ સાથે જવાબ આપ્યો, "હા અંકલ, બહુ જ ઈચ્છા છે જીવવાની. હજુ તો હમણા જ કોઈ છોકરીએ મારા હદયરૂપી ખેતરના ચાસમાં વાવેલા પ્રેમના બી અંકુરીત થયા છે. આ પ્રેમના અંકુરથી જ મને ખૂબ આનંદ મળ્યો છે. મને તો એના વિશાળ વૃક્ષના ફળ ખાવાની ઈચ્છા છે."

ડોકટરે એના માથા પર પ્રેમથી હાથ ફેરવતા કહયું, "બેટા, જો તારી જીવવાની ઈચ્છા પ્રબળ છે તો આપણે મૃત્યુ સામે જંગ માંડીએ. મને વિશ્વાસ છે કે આપણે તેમાં જીતીશું." ડોકટર પોતાના ઘેરથી વીસીઆર અને કેટલીક વીડિયો કેસેટ લઈ આવ્યા. આ છોકરાને જોવા માટે આપી. જીવનમાં પોઝિટિવિટિ આવે એ પ્રકારની આ કેસેટો હતી. કયારેક ડોકટર પણ સાથે બેસીને આ યુવાનને સમજાવે કે જો બેટા આ ફિલ્મના આ પાત્રને કેટલું દુઃખ પડે છે પણ એ કોઈ ફરિયાદ કર્યા વગર કેવું સરસ જીવન જીવે છે. કુદરત એને સાથ આપે છે.

જિંદગીને જીવવાના સંકલ્પે અને હકારાત્મક વિચારસરણીએ આ યુવાનમાં પ્રાણ ફૂંકયો ડોકટરોનાં તમામ તારણો ખોટા પાડીને એ મોતને સતત દૂર ઠેલતો રહયો. રિલાયન્સ જેવી કંપનીમાં સારી નોકરી મળી. જે છોકરી સાથે પ્રેમ

**બાળકોને વસ્તુઓ નહિ વહાલ જોઈએ છે.**

થયો હતો તેની સાથે જ લગ્ન પણ થયા. પ્રેમના ફળ સ્વરૂપે એક દીકરી અને એક દિકરાના પિતા બનવાનું સૌભાગ્ય પણ એમને પ્રાપ્ત થયું.

આજે આ યુવાન ૪૨ વર્ષનો છે અને રિલાયન્સની નોકરી છોડીને નાણાકિય સલાહકાર તરીકેનો સ્વતંત્ર વ્યવસાય કરે છે. આજે પણ એને ઘણી શારીરિક તકલીફો છે. સમયાંતરે નિયમિત અમુક સારવાર લેવી પડે છે. છતાંયે આ યુવાન કોઈપણ જાતની ફરિયાદો કર્યા વગર મોજથી જિંદગી જીવે છે.

નાની નાની તકલીફોમાં ફરિયાદ આપનારા આપણે આ યુવાનની તકલીફો સામે જોઈએ ત્યારે કુદરતે આપણને ઘણી સારી સ્થિતિમાં રાખ્યાની અનુભૂતિ થયા વગર રહેતી નથી.

આ યુવાન એટલે પોરબંદરના રહેવાસી અને હાલમાં રાજકોટ ઈન્સ્યોરન્સ બીઝનેસ સાથે સંકળાયેલ વિજય ભટ્ટ અને આ યુવાનને જિંદગીના જંગ લડવામાં સહાય કરનાર પેલા ડોકટર એટલે કે ડો. આઈ. કે. વીજળીવાળા.

***— સંકલન : પાયલ ધાનાણી***

## કિટક નિયંત્રણના વિવિધ માર્ગો

(૧) લશ્કરી ઈયળો રાતના સમયે પાકને નુકશાન કરે છે અને દિવસના ભાગે છાયામાં – ઘાસમાં સંતાય રહે છે. આથી તેને વીણી લઈએ તો વગર દવાએ કાબૂમાં આવી જશે.

(૨) ઉભા પાકમાં ઉડતાં કિટકો કે જે જેતે પાકનાં પાનમાંથી રસ શોષતાં હોય છે તેને નિયંત્રિત કરવા માટે લીમડાના અને તમાકુના પાનનો ધુમાડાથી કિટકો અન્યત્ર જતાં રહે છે, અથવા નાશ પામે છે.

(૩) મોલો–મશી કે ગળોના ઉપદ્રવ વખતેબળ તણ–છાણાં કે અડાયાંની રાખ પાકમાં છાંટવી તેમાં સલ્ફર (ગંધક) પાવડર ભેળવવો.

(૪) રીંગણી, વાલોળ, શેરડીના શેઢે એરંડી ઓય તો કાતરા જેવાં કિટકો નિયંત્રિત રહે છે.

(૫) કિટકોને ભગાડવા માટે સંધ્યા ટાણે– ગૂગળનો ધૂપ પૂરી કરવો.

(૬) બાજરા તથા જુવારના શેઢે શણ વાવવું, જેથી તેના પાન કોરી ખાનારી ઈયળો, તીતીઘોડા, ટીડ શણ ઉપર મજા કરે છે. જુવાર–બાજરાના પાન ખાવાનું છોડી દે છે.

(૭) શાકભાજીના પાકો, ફળ ઝાડો, કપાસ જેવા પાકોમાં કોઈ કોઈ જગ્યાએ અશ્વગંધા, વિંછૂડો, તુલસી, મરવો, જંગલી તુલસી વિ. વાવી શકાય. આ બધી વનસ્પતિની ખાસ પ્રકારની સુંગધ, તેનો રસ, તેનું આકર્ષણ એવું છે કે મુખ્ય પાકને નુકશાન કરનારી જીવાતો તેની સાથે ચોંટી જાય છે, તેનો રસ પીને નપુંસક બની જાય છે અથવા વાસથી દૂર જતી રહે છે.

(૮) ફળ પાકોની વચ્ચેવચ્ચે ટમેટી, રીગણી કે મરચીનું વાવેતર કરવું, કોઈ કોઈ જગ્યાએ ભીંડો કે દૂધીનું વાવેતર કરવું જેથી સફેદ માખી અને ફળપાકોને છોડીને શાકભાજી પર જશે.

***બગીચો પૃથ્વીની સંસ્કૃતિ છે.***

## Happy Birthday

| | | |
|---|---|---|
| 1 | Ajitbhai B. Jadav | 01-07-1978 |
| 2 | Hanif J. Ghardera | 01-07-1990 |
| 3 | Ranjit A. Govaliya | 01-07-1986 |
| 4 | Santosh C. Mandaliya | 01-07-1989 |
| 5 | Gopal C. Ondhiya | 03-07-1988 |
| 6 | Kanji M. Solanki | 03-07-1989 |
| 7 | Jyotiben V. Van | 06-07-1992 |
| 8 | Kanchan R. Gadhiya | 09-07-1968 |
| 9 | Dhaval G. Patel | 10-07-1987 |
| 10 | Hitesh M. Gondaliya | 15-07-1988 |
| 11 | Kunjal B. Chhag | 17-07-1985 |
| 12 | Hardik D. Vagadiya | 20-07-1985 |
| 13 | Rakesh T. Patel | 28-07-1988 |
| 14 | Paresh M. Solanki | 28-07-1990 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

## Engage on this month

| | |
|---|---|
| 4 | Discussin about RTE/LEMP with AIF parters at AKRSP, Ahemedabad. |
| 13 | Meeting for documentation and accounting system for BCI program. |
| 17 | Visit on Adoption of Sustainable Agriculture Practices by CSPC and CottonConnect at Timbi. |
| 23 | Celebration of widow woman day. |
| 24-26 | Ekalnari Training Ahemdabad. |
| 25 | Visit on Improving quality of education Team. |
| 28 | Staff meeting |
| 29 | Annual meet |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જ્ઞાન એ શાસ્ત્ર અને શસ્ત્ર છે.**